જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૭/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૩૨૩/૧૮

## -x નારોલ પોલીસ સ્ટેશન x-

## ખુન ખુનની કોશીશ તથા રાયોટના ગંભીર ગુનો કરવાવાળા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ. શ્રી, ઝોન-૬ સા. તેમજ અધિક ના.પો.કમિ.શ્રી “કે” ડીવીઝન અમદાવાદ શહેરના શ્રી ચિંતન તેરૈયા સા. તથા પોલીસ ઇંસ્પેકટર આર.એ.જાદવ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૧/૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૪૫૨, ૩૨૬, ૩૨૪, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૨૯૪(ખ), ૧૨૦(બી), ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામના ફરીયાદી નુતનભાઇ લાલાભાઇ જાતે-ભરવાડ ઉ.વ.૩૬ ધંધો-પશુપાલન રહે- ૨૦૪, પ્રતિક એપાર્ટમેન્ટ, નારાયણપુરા, અમદાવાદ શહેર નાઓની ફરીયાદના કામે આરોપી સોહિલ @ કલીમન સ/ઓફ સમસુદ્દીન અલાહબક્ષ જાતે-રંગરેજ ઉ.વ.૨૧ રહે મ.નં.એફ/૧૧૧, ન્યુ ફૈસલનગર, બોમ્બે  હોટલ દાણીલીમડા, અમદાવાદ શહેર નાને આજરોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ એ.એસ.પરમાર તથા હે.કોન્સ. નેભાભાઈ મેરામણભાઈ તથા પો.કોન્સ. જીલુભાઈ મેરામભાઈ નાઓ સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો નેભાભાઇ મેરામણભાઇ તથા પો.કો. જીલુભાઈ મેરામભાઈ નાઓની સંયુક્ત બાતમી હકીક્ત આધારે ઉપરોક્ત આરોપી કોઝી હોટલની સામે થઈ જતા દરમ્યાન ચોક્કસ હકીકત આધારે મળી આવતા પો.સ્ટે. લાવી ઉપરોક્ત આરોપીને તા.૧૧/૦૭/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરવામાં આવેલ છે. આમ, આ આરોપી ઉપરોક્ત ખુન તેમજ ખુનની કોશીશ તેમજ રાયોટના ગંભીર ગુનાને અંજામ આપનાર કાવતરા ખોર હોય તેને હકીકત આધારે પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે. તા-૧૧/૦૭/૨૦૧૮

# <u>પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ</u>

આગામી રથયાત્રા અનુસંધાને મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની સુચના આધારે તથા ઈન્ચાર્જ સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ એસ.પી.ગોહીલ તથા સાથેના સર્વેલન્સ સ્કોડના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ પ્રોહીબીશન સબંધી ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા ઓર્ડર થયેલ જે આરોપી નામે મોહમદફારુક સ/ઓ મોહમદયુસુફ સાગવાલા(છીપા) ઉવ.૪૨ રહે- ઈસરાલભાઈના મકાનમાં, જીનત ફ્લેટની ગલી અંદર, કેનાલ રોડ, જુહાપુરા તથા પીરાનપીર દરગાહ, ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાક :- પીસીબી/ડીટીએન/પાસા/૫૯૪/૨૦૧૮ તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય આરોપીને તા.૧૧/૦૭/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## *પ્રોહી.<u>નો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ</u>*

આગામી આવતા રથયાત્રાના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી રાજન સુશ્રા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે સર્વેલંસ પો.સ.ઈ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસોને આપેલ સુચના મુજબ વટવા રોપડા ચાર રસ્તા વાહન ચેંકીંગ દરમ્યાન જિગર સન/ઓફ આંબાભાઈ એકનાથ તપોધન ઉ.વ.૨૯ રહે મ.નં.૪૬ કુશણ ચાલી બાલભવન પાસે ખોખરા અમદાવાદ શહેર નાનો આજ રોજ તા.૧૧/૦૭/૨૦૧૮ ના કલાક ૦૦/૪૫ વાગે પોતાના કબજામાં વગર પાસ પરમીટે અલગ અલગ ઈંગ્લીશ દારુના ૬૦ મીલીના સેંમ્પલ બોટલ કુલ્લે નંગ. ૧૭૦ કિમત રૂ.૨૭,૫૦૦/- ના તથા રોકડા રુપિયા ૬૮૦/ તથા મોબાઈલ નંગ ૦૧ કિમત રૂ. ૫૦૦૦/- મળી કુલ્લે રૂ.૩૩,૧૮૦/- નો મુદ્દામાલ કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી કરી પ્રોહીનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.

તા-૧૧/૦૭/૨૦૧૮

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

આગામી આવતા રથયાત્રાના તહેવાર અનુસંધાને અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી રાજન સુશ્રા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ આજરોજ તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે સર્વેલંસ પો.સ.ઈ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસોને આપેલ સુચના મુજબ ચોક્કસ બાતમીના આધારે "વટવા મોટા ઠાકોરવાસની અંદર મનુભાઇ ઠાકોર નામના માણસના ઘરની પાસે ખુલ્લામા જન્ના મન્નાનો પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા (૧) મનુભાઈ ઓથાભાઈ ઠાકોર ઉ.વ. ૫૦ રહે.મ.નં. ૧૪૨ , મોટો ઠાકોરવાસ જોગણી માતાના મંદીર પાસે વટવા ગામ અમદાવાદ શહેર + ૪ = ૫ નાઓને આજરોજ તા:૧૧/૦૭/૨૦૧૮ ના કલાક ૧૬/૩૫ વાગે કુલ્લે રોકડા રૂ.૧૬૧૩૨/- તથા ગંજી પાના નંગ ૫૨ કિ.રૂ ૦૦/૦૦ તથા ચાર અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન કિ.રૂ.૫૦૦૦/- જે તમામ મુદામાલ સહિત કુલ્લે રૂ.૨૧૧૩૨/-નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.તા-૧૧/૦૭/૨૦૧૮

### ગોમતીપુર પોલીસ સ્ટેશન

## પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમોને પાસા હેઠળ અટકાયત

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "એચ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા સારુ અસરકારક અટકાયતી પગલા લેવા સુચના કરેલ જે આધારે સીનીયર પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી સી.બી.ટંડેલ તથા સે. પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી બી.વી.ઝાલા તથા સર્વેલંન્સ સ્કોડના પો.સબ.ઈન્સશ્રી એન.પી.રાઠોડ તથા પો.સબ.ઈન્સશ્રી એસ.આઈ.રઈશ તથા બીજા સ્ટાફના માણસોએ અત્રેના ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો કે જે ચોરીછુપીથી પ્રોહીની અસામાજીક પ્રવૃત્તિ કરતા હોય જેની વોચમાં રહી અવાર-નવાર કેસો કરેલ છે.અને તેઓની વિરુધ્ધમાં પુરાવા એક્ત્રીત કરી મે.પોલીસ કમિશ્નરશ્રી નાઓએ પાસા હુકમ જારી કરેલ જે આધારે નીચે જણાવેલ ઇસમોને આજરોજ પાસા હુકમની બજવણી કરી જરુરી જાપ્તા સાથે તેઓની સામે જણાવેલ સામે મોકલી આપવામાં આવેલ છે. તા.૧૧/૦૭/૨૦૧૮

| અ.નં. | નામ | પાસા હુકમ નંબર | જેલ |
|---|---|---|---|
| ૧ | સવિતાબેન પુંજાભાઇ સોલંકી ઉ.વ.૫૦ રહે.રણજીત સોલંકીની ચાલી સુખરામનગર પાસે ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/578/2018 DATE: 09/07/2018 | વડોદરા |
| ૨ | સુનિલભાઇ પુંજાભાઇ સોલંકી ઉ.વ.૩૦ રહે.રણજીત સોલંકીની ચાલી સુખરામનગર પાસે ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/592/2018 DATE:11/07/2018 | જામનગર |
| ૩ | અમિતભાઇ રઘુભાઇ દેસાઇ ઉ.વ.૩૨ રહે. રણજીત સોલંકીની ચાલી, સુખરામનગર પાસે ગોમતીપુર અમદાવાદ શહેર | PCB/DTN/PASA/593/2018 DATE:11/07/2018 | રાજકોટ |

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

“સાબરમતી” પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “સાબરમતી” પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.









નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.